નીલેશ મોદી

> જે વ્યક્તિ પોતાની જિંદગીના દરેક દિવસની કાળજી કરે છે, તેમના જીવનની કાળજી આપોઆપ થઇ જાય છે

# જીવનવીમાના વ્યવસાયમાં અગ્રણી વિકાસ અધિકારી



જીવનવીમા અને એલ.આઇ.સી જગતમાં ખૂબ જ સરળ અને જાણીતું નામ એટલે નીલેશ ચંદ્રકાંત મોદી. જેઓ છેલ્લાં ૧૮ વર્ષથી જીવનવીમાના વ્યવસાયમાં એલ.આઇ.સી.ના અગ્રણીય વિકાસ અધિકારી તરીકે કાર્યરત છે. તેમના પિતા ચંદ્રકાંતભાઇ પણ એલ.આઇ.સી.માં વિકાસ અધિકારી હતા. જેમની પ્રેરણા લઇ નીલેશભાઇ પોતાની આઠ વર્ષની રેઇનબક્ષીની સફળ માર્કેટિંગ કારકિર્દી છોડી જીવનવીમામાં જોડાયા. તેમના પિતા પણ એલ.આઇ.સી.માં હોવાથી તેમને પણ સમાજની સેવા કરવાનો લાભ મળ્યો હતો. હવે નીલેશભાઇ પણ પિતાની પગદંડી પર આગળ વધી રહ્યા છે. કોઇ પણ વ્યક્તિ જ્યારે નીલેશભાઇના પિતાજી પાસે મદદ માટે જતા ત્યારે તેઓ નિ:સંકોચ તેમની મદદ કરતા. પછી મદદ માંગનાર વ્યક્તિએ તેમની પાસે પોલિસી ખરીદી હોય કે ના હોય તેઓ મદદ માટે ક્યારેય ના પાડતા નહીં. હાલ તેમના કારણે જ નીલેશભાઇ સહિત તેમનો આખો પરિવાર નામના મેળવી શક્યો છે.

નીલેશભાઇ મોદી અને તેમની ટીમ પાછલાં ૧૧ વર્ષથી ૧૦૦ કરોડથી વધુનો વ્યવસાય કરે છે. આ આંક જ વીમાદારોનો તેમના પરનો વિશ્વાસ અને લગાવ દર્શાવે છે. જીવનવીમા એક સેવાનો વિષય છે જેમાં આટલાં વર્ષોની સફળતા મેળવનાર નીલેશભાઇ માત્ર સુરત કે ગુજરાતમાં જ નહીં ભારતમાં અગ્રણી વિકાસ અધિકારી છે. તેમના આટલા લાંબા ગાળાની સફળતાના કારણે જ એલ.આઇ.સી.એ તેમને સિનિયર બિઝનેસ એસોસિયેટ(એસ.બી.એ.)નો હોદ્દો આપ્યો છે. જેથી કહી શકાય કે તેઓ વાસ્તવમાં એક નોકરિયાત વ્યક્તિ નહીં પરંતુ એક બિઝનેસમેન જેવા લાગે છે. અને વીમાદારો માટે તો તે આર્થિક સલાહકાર છે. નીલેશભાઇ પોતાના વીમાદારોની એલ.આઇ.સી. ને લગતી તમામ મુંઝવણોનું સમાધાન કરે છે.

નીલેશભાઇ જ્યારે ૨૦૦૦ની સાલમાં એલ.આઇ.સી.માં જોડાયા ત્યારે જ ભારતમાં વિશ્વની ખાનગી કંપનીઓનું પણ આગમન થયું. જેથી શરૂઆતમાં જ તેમના માટે સ્પર્ધાઓ સામે પણ લડવાનું થયું. ત્યારે આ આધુનિક યુગમાં તેમણે શરૂઆતમાં જ એક ટીમ બનાવી કામ કરવાની શરૂઆત કરી. પ્રથમ વર્ષે જ સમાજની સૌથી મોટી જરૂરિયાત કહી શકાય તેવી પેન્શન સ્કિમમાં દેશમાં ત્રીજા નંબરનું સ્થાન મેળવી સુરતના એલ.આઇ.સી. ઇતિહાસમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું. આ માટે તેમના સ્વભાવે પણ મોટો ભાગ ભજવ્યો. તેમના સ્વભાવમાં જ નમ્રતા અને ધગશ હતી જેનું આ પરિણામ હતું. તેમની આ સિધ્ધિને ધ્યાને રાખીને જ દેશની અગ્રણી બિઝનેસ ટી.વી. ચેનલોએ તેમને એલ.આઇ.સી નું પ્રતિનિધિત્વ કરવાનો મોકો આપ્યો. જેથી સુરત એલ.આઇ.સી.ના છોગામાં વધુ એક પીછું ઉમેરાયું.

નીલેશભાઇ મોદી આટલાં વર્ષોથી કાયમ પ્રથમ નંબરે આવી રહ્યા છે. આ રહસ્ય ખોલતાં તેઓ જણાવે છે કે, 'એલ.આઇ.સી. વીમા કરતાં હું એક અનોખી સેવા અને બિઝનેસમેનના ટેક્ષનું પ્લાનિંગ કરી કીમેન તથા બિઝનેસ ઇન્સ્યોરન્સ સ્કીમમાં બહુ સફળ રીતે કામ કરું છું. આ માટે હું મારી ટીમને પણ એક્સપર્ટ પાસે વિશેષ તાલીમ અપાવું છું. આ માટે જો જરૂર જણાય તો આવક વેરા વિભાગની પણ સલાહ લઇએ છીએ. એલ.આઇ.સી દ્વારા બાળકોના સુરક્ષિત ભવિષ્ય અને નિવૃત્તિ પછીના સુરક્ષિત ભવિષ્યની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવે છે અને આ કાર્યમાં નીલેશભાઇની ટીમ સક્ષમ છે. હાલ નીલેશભાઇ મોદીએ ૧૩૨ સલાહકારોની ટીમ બનાવી છે જેમાં સુરતના દરેક એરિયા અને દરેક સેગમેટનો સમાવેશ થાય છે. આ પૈકી ઘણા બધા સલાહકારો એમ.ડી.આર.ટી.યુ.એસ.એ. ક્લબના સભ્યો પણ છે. નીલેશભાઇની સફળતાનો મંત્ર છે કે જે વ્યક્તિ પોતાની જિંદગીના દરેક દિવસની કાળજી કરે છે, તેમના જીવનની કાળજી આપોઆપ થઇ જાય છે કારણ કે તમારો એક દિવસ તમારા સમગ્ર જીવનનો એક ભાગ છે માટે નીલેશભાઇ અને તેમની ટીમ દરેક દિવસનો મહત્તમ ઉપયોગ કરી સુરતના શહેરીજનોને આર્થિક આઝાદી અપાવવા સતત પ્રયત્નશીલ છે.

વધુ જાણવા QR સ્કેન કરો



Don't strive to be perfect. Strive for Excellence. - Victoria Principal